# Tu Kali Ne Kalyani Re Maa Gujarati Garba Lyrics

તું કાળી ને કલ્યાણી રે મા Lyrics in Gujarati

તું કાળી ને કલ્યાણી રે મા, જ્યાં જોઉ ત્યાં જોગમાયા
તું ચારે યુગમાં ગવાણી રે મા, જ્યાં જોઉ ત્યાં જોગમાયા
તું કાળી ને કલ્યાણી રે મા…

તને પહેલાં તે યુગમાં જાણી રે મા, જ્યાં જોઉ ત્યાં જોગમાયા
તું શંકરની પટરાણી રે મા, જ્યાં જોઉ ત્યાં જોગમાયા
તું ભસ્માસુર હરનારી રે મા, જ્યાં જોઉ ત્યાં જોગમાયા
તું કાળી ને કલ્યાણી રે મા…

તને બીજા તે યુગમાં જાણી રે મા, જ્યાં જોઉ ત્યાં જોગમાયા
તું હરશ્ચિંદ્ર ઘરે પટરાણી રે મા, જ્યાં જોઉ ત્યાં જોગમાયા
તું કાળી ને કલ્યાણી રે મા…

તને ત્રીજા તે યુગમાં જાણી રે મા, જ્યાં જોઉ ત્યાં જોગમાયા
તું રામચંદ્ર ઘેર પટરાણી રે મા, જ્યાં જોઉ ત્યાં જોગમાયા
તું રાવણને રોળનારી રે મા, જ્યાં જોઉ ત્યાં જોગમાયા
તું કાળી ને કલ્યાણી રે મા…

તને ચોથા તે યુગમાં જાણી રે મા, જ્યાં જોઉ ત્યાં જોગમાયા
તું પાંડવ ઘેર પટરાણી રે મા, જ્યાં જોઉ ત્યાં જોગમાયા
તું કૌરવકુળ હણનારી રે મા, જ્યાં જોઉ ત્યાં જોગમાયા
તું કાળી ને કલ્યાણી રે મા…

GujaratiLyrics.com